# રત્નકાર (લેપિડરિસ્ટ)

લેપિડરિસ્ટ કિંમતી રત્નો તેમજ આ રત્નોને કાપવા, આકાર આપવા અને કોતરણી કરવાની કળાના નિષ્ણાત છે. લેપિડરી શબ્દનો ઉપયોગ એવા લોકો માટે પણ થાય છે જેઓ રત્નો એકત્રિત કરે છે અથવા તેનો વેપાર કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને કિંમતી પથ્થરો અને રત્નોમાં ઊંડો રસ છે
- તમે તમારી કામગીરીની પ્રક્રિયા નિર્ધારીત કરી શકો છો
- તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. જેમોલોજી / જ્વેલરી ડિઝાઇનિંગમાં સ્નાતક (B.Sc / B.Design)ની ડિગ્રી મેળવો. **અથવા**

જેમોલોજીમાં ડિપ્લોમા કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Sc/M.Design)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક રત્નકાર (લેપિડરિસ્ટ) નું માસિક વેતન
રૂ. ૨૦,૪૧૫ થી ૪,૧૬,૬૬૭* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/re- search/IN/Job -Gemologist/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** જ્વેલરી સ્ટોર્સ, એન્ટિક શોપ્સ ગેલેરીઓ અથવા સ્ટોર્સ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ટૂલ્સ અને રસાયણોનો ઉપયોગ કરીને તમારો મોટાભાગનો સમય વર્ક બેન્ચ અથવા પોલિશિંગ સ્ટેશન પર પસાર કરશો. તમારે ટીમનું નેતૃત્વ કરવાની જવાબદારી નિભાવવાની રહેતી નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. જો તમે કોઈ સ્ટોર અથવા ગેલેરીમાં નોકરી કરતા હોય, તો તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

એપ્રેન્ટિસ → લેપિડરિસ્ટ → સિનિયર લેપિડરિસ્ટ → પ્રશિક્ષક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

જેમ કટર અને પોલિશર, લેપિડરી આર્ટિસ્ટ, ડાયમંડ ગ્રેડર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**જેમોલોજીમાં અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ નીચે મુજબ છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી (NIFT), ગાંધીનગર
૨. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી (NIFT), દિલ્હી
૩. ઈનસાઈન - ધ જ્વેલ ડિઝાઈન ઈન્સ્ટિટ્યુટ, નવી દિલ્હી
૪. આર્ક જેમોલોજી એન્ડ જ્વેલરી ઈન્સ્ટિટ્યુટ, જયપુર.
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, અમદાવાદ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, વિજયવાડા
૭. ઈન્ડિયન જેમોલોજિકલ ઈન્સ્ટિટ્યુટ , દિલ્હી
૮. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી, મુંબઈ
૯. ભારતીય કલા અને ડિઝાઈન સંસ્થાન, નવી દિલ્હી
૧૦. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ જેમોલોજી, નવી દિલ્હી
૧૧. ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન સેન્ટર, મુંબઈ
૧૨. જી.આઈ.એ. ઈન્ડિયા, મુંબઈ
૧૩. એનઆઈડી, અમદાવાદ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

એમ.એ.આઈ.એ. બેસ્પોકના સ્થાપક **સુરભી સ્વરૂપ**, ડિઝાઈનર અને લેપિડરિસ્ટ બંને છે. પેરિસમાં ચેનલ ફ્લેગશિપ સ્ટોરથી લઈને ભારતીય મહેલો અને ફાઈવ-સ્ટાર હોટલ સુધી દરેક જગ્યાએ તેમનું કામ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. સ્વરૂપે એપીજય ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, દિલ્હીમાંથી ડિઝાઈન અને ઈતિહાસમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે.*

સ્રોત: https://www.worldconstruction-network.com/contractors/interior-designers/surabhi-design/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.